નિરાધાર વિધવા ત્યકતા કે છુટાછેડા લીધેલ મહિલાઓના પુનઃ સ્થાપન માટેની આર્થિક સહાય યોજના.

હાલ અપાતા આર્થિક સહાયના દરમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ નવસ/૧૦૯૭/મ-૧૪/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨-૧૨-૧૯૯૭

વંચાણે લીધા :-

૧. ઠરાવ ક્રમાંક : નવસ/૧૦૯૦/૮૦૮/છ, તા.૧૧-૯-૯૦
૨. ઠરાવ ક્રમાંક : નવસ/૧૦૯૩/૧૨૫૪/છ, તા.૩૧-૧-૯૪
૩. ઠરાવ ક્રમાંક : નવસ/૧૦૯૫/૪૧૧/છ-૧, તા.૧-૭-૯૫
૪. ઠરાવ ક્રમાંક : નવસ/૧૦૯૭/મ-૧૪/છ-૧, તા. ૧૨-૮-૯૭
૫. ઠરાવ ક્રમાંક : નવસ/૧૦૯૭/મ-૧૪/છ-૧, તા.૩-૧૧-૯૭.

ઠ રા વ :-

રાજયના સમાજ સુરક્ષા ખાતા મારફત નિરાધાર, વિધવા ત્યકતા કે છુટાછેડા લીધેલ મહિલાઓના પુનઃસ્થાપન માટેની આર્થિક સહાયની યોજના હાલ અમલમાં છે. સદરહું યોજના હેઠળ આપવામાં આવતી સહાયના દર સરકારે વખતોવખત સમાજ કલ્યાણ વિભાગના જુદા જુદા ઠરાવોથી નકકી કરેલ છે. છેલ્લે આમુખમાં દર્શાવેલ તા.૩-૧૧-૯૭ના ઠરાવથી તા.૧-૧૧-૯૭ થી અમલમાં આવે તે રીતે વિધવા સહાય યોજના હેઠળ માસિક રુ. ૫૦૦/- ની આર્થિક સહાય આપવાના દર અમલમાં છે. નિરાધાર, વિધવા ત્યકતા કે છુટાછેડા લીધેલ મહિલાઓના પુનઃ સ્થાપન માટેની આર્થિક સહાય યોજના હેઠળ આપવામાં આવતી રુ.૫૦૦/-ની આ સહાય સમયના બાધ સિવાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુન્ન વિચારણાના અંતે આમુખ ક્રમાંક-(૫) પરનો તા.૩-૧૧-૯૭ નો ઠરાવ રદ કરીને સરકાર સદરહું યોજના હેઠળ અપાતા દર સુધારીને તા.૧-૧૧-૯૭ થી

અમલમાં આવે તે રીતે માસિક રૂ.૫૦૦/- કરવાનું આથી ઠરાવે છે.

૨. આ યોજનાનો લાભ લેતા લાભાર્થીઓની યાદી તાત્કાલિક સંબંધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી., ગાંધીનગરને મોકલી આપવાની રહેશે અને ત્યારબાદ નવા ઉમેરાતા લાભાર્થીઓની યાદી દર માસે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ અચુક નિગમને મોકલવાની રહેશે.

૩. મહિલા આર્થિક વિકાસ નિગમે આ લાભાર્થીઓના પુનઃસ્થાપન માટે બેન્કેબલ યોજનાઓ મારફતે અથવા તો તેમના માટે યોગ્ય હોય તે રીતે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓના સહયોગમાં આવી મહિલાઓના પુનઃસ્થાપનની આનુસાંગિક કાર્યવાહી કરવાની રહેશે. જેથી આ આ લાભાર્થીઓનું શકય તેટલી ઝડપથી પુનઃસ્થાપન થઈ શકે અને તેમનું જીવનધોરણ ઉંચું આવી શકે. મહિલા આર્થિક વિકાસ નિગમને જયાં જરુરી જણાય ત્યાં જુદા જુદા વર્ગોના લાભાર્થીઓ આ માટે રાજયના અન્ય નિગમોની સહાય લેવાય તે પણ જોવામાં આવશે. દા.ત. અનુ.જાતિઓ, અનુ.જનજાતિઓ, સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગો તથા લઘુમતિની મહિલાને આ વર્ગો માટે રચાયેલા સંબંધિત નિગમો/બોર્ડના સહયોગમાં રહીને આવ પુનઃસ્થાપનની યોજનાઓનો અમલ કરવાનો રહેશે. વધુમાં રુઢિચુસ્ત કુટુંબોમાંથી આવતી લાભાર્થી મહિલાઓ પરની બહાર આવવામાં મુશ્કેલી અનુભવતી હોય તેવી મહિલાઓને ઘર આંગણે સહાય કરી શકાય અને તેમની આવક મર્યાદા વધારી શકાય. તેવી યોજના મહિલા આર્થિક વિકાસ નિગમ ઘડી કાઢશે.

૪. આ યોજના હેઠળ સહાય મંજુર અંગે સરકારે અગાઉ નિયત કરેલ - જોગવાઈઓ પૈકી સહાય આપવાની મુદત સિવાયની અન્ય જોગવાઈઓ જેવી કે ઉંમર, આવક અને અન્ય સાધનિક પુરાવાઓ બાબતમાં જે શરતો/ધારા ધોરણો નકકી થયેલા છે તે યથાવત રીતે અમલમાં રહે છે.

૫. આ સહાય લાભાર્થીઓને કાયમી ધોરણે આપવામાં આવશે, પરંતુ જયારે તેમની આવક નિયત ધોરણ કરતાં વધુ ત્યારે આ સહાય મળવાપાત્ર થશે નહીં. આ બાબતની ખાસ કાળજી જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ રાખવાની રહેશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર માંગણી નં.૯૦, મુખ્ય સદર-૨૨૩૫-સામાજીક સુરક્ષા અને કલ્યાણ પેટા સદર -(૪) એસસીડબલ્યુ-૭' નિરાધાર વિધવાઓ અન તેમના પુનઃસ્થાપન માટે નાણાંકીય સહાય' હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૭. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાકની ફાઈલ ઉપર તારીખ.૨૫-૧૧-૯૭ ના રોજ નાણાં વિભાગની મળેલ સંમત્તિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી.એચ.સર્વાકર,
નાયબ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.